# એમપીએસઇઝેડ યુટિલિટીઝ પ્રાઇવેટ લિમિટેડ

રજીસ્ટર્ડ ઓફિસ: અદાણી હાઉસ, મીઠાખળી સર્કલ પાસે, નવરંગપુરા, અમદાવાદ – ૩૮૦ ૦૦૯ ટે નં. ૦૭૯-૨૫૫૫ ૫૮૦૧, ફેક્સ નં. ૨૫૫૫ ૬૪૯૦

**અરજી નં. . ૧૬૩૧/૨૦૧૬નો નિમ્નલિખિત માટે સારાંશ (૧) ના.વ. ૨૦૧૫-૧૬ની યથાર્થતા, (૨) ના. વ. ૨૦૧૭-૧૮ માટે દરસૂચિ નિશ્ચિતીકરણ અને (૩) ના.વ. ૨૦૧૬-૧૭થી ના.વ. ૨૦૨૦-૨૧ના સમયગાળા માટે એગ્રિગેટ રેવેન્યુ રિક્વાયરમેન્ટની મંજૂરી.**

## પશ્ચાદભૂમિકાની માહિતી

- એમપીએસઇઝેડ યુટિલિટિઝ પ્રા. લિ. (એમયુપીએલ) કંપની ધારા, ૧૯૫૬ ની જોગવાઇઓ હેઠળ ૨૦૦૮માં સ્થાપવામાં આવી છે. કંપનીએ ૨૮.૦૮.૨૦૧૦થી વ્યાપારી ધોરણે કામકાજનો આરંભ કર્યો છે અને તે એસઇઝેડમાં વિવિધ ગ્રાહકોને વિજળી પુરવઠાના વિતરણ માટે વિતરણ માળખાની સ્થાપના કરવાની પ્રક્રિયા હાલમાં આગળ ધપાવી રહી છે.
- એમયુપીએલ વીજ વિતરણ લાઇસન્સી તરીકે મુન્દ્રા એસઇઝેડ વિસ્તારમાં વીજ વિતરણની કામગીરી સાથે સંકળાયેલી છે. એમયુપીએલે નામદાર ગુજરાત વિદ્યુત નિયમન આયોગ સમક્ષ (i) જીઇઆરસી (મલ્ટી યર ટેરિફ) નિયમનો, ૨૦૧૧ના હેઠળ ના. વ. ૨૦૧૫-૧૬ના–(ટ્રુ-અપ) (ii) ના.વ. ૨૦૧૭-૧૮ માટે દરસૂચિ નિશ્ચિતીકરણ અને (iii) જીઈઆરસી (મલ્ટી યર ટેરિફ) નિયમન ૨૦૧૬ અનુસાર ના.વ. ૨૦૧૬-૧૭ થી ના.વ. ૨૦૨૦-૨૧ના સમયગાળા માટે એગ્રિગેટ રેવેન્યુ રિક્વાયરમેન્ટ (એઆરઆર)ની મંજૂરી માટે અરજી કરેલ છે.

## ના. વ. ૨૦૧૫-૧૬ માટેનું ટ્રુ અપ

- અરજદારે બિઝનેસ પ્લાન માટેની મિડ ટર્મ સમીક્ષા અરજી તથા ના. વ. ૨૦૧૨-૧૩ના ટ્રુ અપ તથા ના. વ. ૨૦૧૪-૧૫ ના દર નિર્ધારિત કરવા માટેની અરજી કરી હતી. નામદાર પંચે તેમના તારીખ ૨૯.૦૫-૨૦૧૪ના આદેશથી ના. વ. ૨૦૧૪-૧૫ તથા ૨૦૧૫-૧૬ના એઆરઆરમાં સુધારાને મંજુરી આપી હતી.
- અરજદાર આ અરજી દ્વારા ઓડિટ કરાયેલા હિસાબોના આધારે ના. વ. ૨૦૧૫-૧૬ માટેની વિગતો ટ્રુ અપ માટે રજૂ કરે છે.
- એમવાયટી નિયમનો, ૨૦૧૧ની જોગવાઇઓને અનુરૂપ, માન્ય કરાયેલા ખર્ચની સામે વાસ્તવિક ખર્ચને ધ્યાનમાં લઇને અરજદારે ૨૦૧૫-૧૬ માટેની એઆરઆર ટ્રુ અપ કરી છે તથા નફા અને નુકશાનની ગણતરી નિયંત્રણ કરી શકાય તેવા તેમજ નિયંત્રણ બહારના માપદંડોના આધારે કરી છે.
- અરજદારના પરવાના હેઠળના વિસ્તારમાં વેચાણ ૧૮૪.૭૬ એમયુઝ છે. ના. વ. ૨૦૧૫-૧૬ માટેનો ડિસ્ટ્રીબ્યુશન લોસ ૪.૫૦% ના અંદાજ સામે ૪.૧૭% છે તથા વાસ્તવિક ટ્રાન્સમિશન લોસ નહિવત્ છે. એ રીતે, એનર્જી બેલેન્સની વિગતો ના વ. ૨૦૧૫-૧૬ માટે વાસ્તવિક વેચાણો તથા ટીએન્ડડી લોસના આધારે રજૂ કરાઇ છે.
- ના. વ. ૨૦૧૫-૧૬ માટેની ટ્રુ અપ કરેલી એઆરઆરનો નીચે દર્શાવેલી સંક્ષેપ એમયુપીએલ દ્વારા નફા/નુકશાની વહેંચણી પછી વસૂલ થવા યોગ્ય છે.

**કોષ્ટક ૧: ના. વ. ૨૦૧૫-૧૬ માટેની ટ્રુ અપ કરાયેલી એઆરઆર**

(રૂ. કરોડમાં)

| વિગતો રૂ. કરોડમાં | | ના. વ. ૨૦૧૫-૧૬ માટેના વાસ્તવિક |
|---|---|---|
| ના. વ. ૨૦૧૫-૧૬ માટે વચગાળાની સમીક્ષાના આદેશ મુજબ મંજુર કરાયેલી એઆરઆર | (એ) | ૧૭૧.૫૯ |
| બાદ: ગ્રાહકોને આપવા યોગ્ય નિયંત્રીત માપદંડો દ્વારા લાભ (૧/૩) | (બી) | (0.33) |
| બાદ: ગ્રાહકોને આપવા યોગ્ય અનિયંત્રિત માપદંડો દ્વારા લાભ | (સી) | ૫૦.૩૪ |
| ના.વ. ૨૦૧૫-૧૬ માટે કુલઘટ | ડી=એ-(બી+સી) | ૧૨૧.૫૮ |

- ના.વ. ૨૦૧૫-૧૬ ના લાભ તથા નુકશાનની વહેંચણી પછી ટ્રુ અપ કરાયેલી એઆરઆર રૂ.૧૨૧.૫૮ કરોડ છે અને વીજળીના વેચાણમાંથી પ્રાપ્ત થયેલી આવક રૂ.૧૧૬.૦૨ કરોડ છે. આ રીતે, ૨૦૧૫-૧૬ માટેની આવકની પુરાંત રૂ. ૫.૫૬ કરોડ થાય છે.
- ના.વ. ૨૦૧૫-૧૬ માટે આવકની કુલ ઘટ વિતેલા વર્ષોની આગળ ખેંચાયેલી ઘટ સહિત નીચેના કોષ્ટકમાં દર્શાવવામાં આવી છે.

**કોષ્ટક ૨- ના.વ. ૨૦૧૫-૧૬ માટે એકત્રિત મહેસૂલ અંતર**

(રૂ. કરોડમાં)

| વિવરણ | વાસ્તવિક |
|---|---|
| ના.વ. ૨૦૧૫-૧૬ માટે મહેસૂલી અંતર | ૫.૫૬ |
| ઉમેરોઃ ના.વ. ૨૦૧૫-૧૬ માટે ના.વ. ૨૦૧૪-૧૫ની એકત્રિત મહેસૂલી સરપ્લસ પર વહન ખર્ચ | (૦.૨૫) |
| **ના.વ. ૨૦૧૫-૧૬નું એકત્રિત મહેસૂલી અંતર** | ૫.૩૨ |

## આવકની ઘટ અને વીજદરની દરખાસ્ત

- નામદાર આયોગે તેના દરસૂચિ આદેશ તારીખ ૩૧.૦૩.૨૦૧૬ અન્વયે ગ્રાહકોની તમામ શ્રેણી માટે ઊર્જા શુલ્કમાં યુનિટ દીઠ ૫ પૈસાનો ઘટાડો કર્યો છે.
- મોજૂદ દરસૂચિએ ના.વ. ૨૦૧૭-૧૮ માટે પ્રદર્શિત મહેસૂલ રૂ.૧૯૯.૯૬ કરોડના અંદાજિત એઆરઆર સામે આવક રૂ. ૨૦૦.૪૨ કરોડ થાય છે.
- અરજદારે ના.વ. ૨૦૧૫-૧૬ સુધી કુલઘટ, ના.વ. ૨૦૧૬-૧૭ માટે ના.વ. ૨૦૧૪-૧૫ની એકત્રિત સરપ્લસનો વહન ખર્ચ અને ના.વ. ૨૦૧૬-૧૭ અને ના.વ. ૨૦૧૭-૧૮ માટે ના.વ. ૨૦૧૫-૧૬ના કુલઘટનો વહન ખર્ચ ના.વ. ૨૦૧૭-૧૮ સુધી એકત્રિત પ્રદર્શિત મહેસૂલી અંતર નિશ્ચિત કરવા માટે ધ્યાનમાં લીધા છે. આમ, ના.વ. ૨૦૧૭-૧૮ સુધી કુલઘટ નીચે કોષ્ટકમાં ઉલ્લેખ મુજબ રૂ. ૫.૮૬ કરોડ રહેશે.

**કોષ્ટક ૩- ના.વ. ૨૦-૧૭-૧૮ માટે મોજૂદ દરસૂચિ સાથે કુલઘટ**

(રૂ. કરોડમાં)

| વિવરણ | ના.વ. ૨૦૧૭-૧૮ |
|---|---|
| ના.વ. ૨૦૧૭-૧૮ માટે એઆરઆર | ૧૯૯.૯૬ |
| ઉમેરોઃ ના. વ. ૨૦૧૫-૧૬ સુધી કુલઘટ | ૫.૩૨ |
| ઉમેરોઃ ના.વ. ૨૦૧૬-૧૭ માટે ના.વ. ૨૦૧૪-૧૫ની આવક સરપ્લસ પર કેરીયગ કોસ્ટ | (૦.૨૩) |
| ઉમેરોઃ ના.વ. ૨૦૧૬-૧૭ અને ના.વ. ૨૦૧૭-૧૮ માટે ના.વ. ૨૦૧૫-૧૬ના એકત્રિત અંતર પર વહન ખર્ચ | ૧.૨૪ |
| ના.વ. ૨૦૧૭-૧૮ માટે મોજૂદ દરસૂચિમાંથી આવક | ૨૦૦.૪૨ |
| ના.વ. ૨૦૧૭-૧૮માં આવક ઘટ / (પુરાંત) | ૫.૮૬ |

- ઉપરોક્ત અનુસાર ના.વ. ૨૦૧૭-૧૮ માટે વસૂલ કરનાર આવક ઘટ રૂ. ૫.૮૬ કરોડ છે.

## ના.વ. ૨૦૧૭-૧૮ માટે દરસૂચિ પ્રસ્તાવ

- નામદાર આયોગે પંચે તેના દરસૂચિ આદેશ તારીખ ૩૧.૦૩.૨૦૧૬ અન્વયે યુનિટ દીઠ ૫ પૈસાથી બધી શ્રેણીમાં ઊર્જા શુલ્ક ઘટાડીને ના.વ. ૨૦૧૪-૧૫ સુધી રૂ. ૨.૧૫ કરોડની કુલ પુરાંતને સંબોધી છે.
- આયોગે અરજદારની માગણી જાળવી રાખવા માટે ગ્રાહકોમાં શિસ્ત દાખલ કરવા અને વધુ પડતી વીજ નહીં ઉપયોગ કરવા પ્રોત્સાહન આપવા માટે યુનિટ દીઠ ૨૫ પૈસાથી HTMD-I માટે વધારાનો માગણી શુલ્ક વધારવાની અરજદારની અરજી સ્વીકારી છે.
- મોજૂદ દરસૂચિ સાથે ના.વ. ૨૦૧૭-૧૮ ની આવક ઘટ રૂ. ૫.૮૬ કરોડ થશે. અરજદાર ના.વ. ૨૦૧૭-૧૮ દરમિયાન ૩૮૯.૧૪ એમયુના પ્રદર્શિત વેચાણ મારફત તે વસૂલ કરવાનો પ્રસ્તાવ ધરાવે છે અને તેથી અરજદાર દરેક દરસૂચિ શ્રેણીના ઊર્જા શુલ્ક યુનિટ દીઠ ૧૫ પૈસાથી વધારવાનો પ્રસ્તાવ ધરાવે છે.
- અરજદાર ૫૦૦ KVA સુધી કોન્ટ્રાક્ટ ડીમાન્ડ ધરાવતા HTMD-1 શ્રેણીના ગ્રાહકો માટે યુનિટ દીઠ ૨૫ પૈસાથી વધારાનો માગણી શુલ્ક ઘટાડવાનો પણ પ્રસ્તાવ ધરાવે છે. દરસૂચિ સમયપત્રકમાં આ પ્રસ્તાવિત સુધારાથી આવક પર કોઈ પણ નોંધનીય પ્રભાવ નહીં પાડી શકે.

## ના.વ. ૨૦૧૬-૧૭થી ના.વ. ૨૦૨૦-૨૧ના નિયંત્રણ સમયગાળા માટે અંદાજીત એગ્રિગેટ રેવેન્યુ રિક્વાયરમેન્ટ

- અરજદારના પરવાનાના ક્ષેત્ર માટે અંદાજીત એઆરઆર જીઈઆરસી એમવાયટી નિયમન ૨૦૧૬માં નામદાર આયોગે નિશ્ચિત કરેલી માર્ગદર્શિકાને આધારે ગણતરી કરાયું છે. અરજદારે નિમ્નલિખિત કોષ્ટકમાં ઉલ્લેખ મુજબ નિયંત્રણ સમયગાળા માટે એઆરઆર રજુ કર્યુ છે.

**કોષ્ટક ૪- ના.વ. ૨૦૧૬-૧૭થી ના.વ. ૨૦૨૦-૨૧ના નિયંત્રણ સમયગાળા માટે પ્રદર્શિત એઆરઆર**

(રૂ. કરોડમાં)

| વિગત | ના.વ. ૨૦૧૬-૧૭ | ના.વ. ૨૦૧૭-૧૮ | ના.વ. ૨૦૧૮-૧૯ | ના.વ. ૨૦૧૯-૨૦ | ના.વ. ૨૦૨૦-૨૧ |
|---|---|---|---|---|---|
| વીજળી ખરીદી ખર્ચ | ૧૧૬.૩૬ | ૧૭૮.૩૧ | ૨૫૪.૨૬ | ૨૯૧.૪૦ | ૩૦૭.૨૫ |
| ઓ એન્ડ એમ ખર્ચ | ૯.૦૭ | ૯.૫૯ | ૧૦.૧૪ | ૧૦.૭૨ | ૧૧.૩૩ |
| ઘસારો | ૩.૨૫ | ૩.૨૨ | ૩.૪૮ | ૪.૩૬ | ૫.૩૩ |
| વ્યાજ અને નાણાં ચાર્જીસ | ૩.૮૧ | ૩.૫૩ | ૩.૩૮ | ૪.૧૦ | ૪.૯૪ |
| કાર્યશીલ મૂડી પર વ્યાજ | ૧.૨૩ | ૧.૯૩ | ૨.૬૯ | ૩.૧૧ | ૩.૨૫ |
| બેડ ડેબ્ટ્સ માટે જોગવાઈ | - | - | - | - | - |
| કન્ટીન્જન્સી રિઝર્વ | ૦.૪૪ | ૦.૪૭ | ૦.૫૨ | ૦.૭૪ | ૦.૯૦ |
| આવકવેરો | - | - | - | - | - |
| કુલ ખર્ચ | ૧૩૪.૧૫ | ૧૯૭.૦૫ | ૨૭૪.૪૬ | ૩૧૪.૪૪ | ૩૩૩.૦૦ |
| ઈક્વિટી પર વળતર | ૨.૯૩ | ૩.૦૦ | ૩.૧૧ | ૩.૭૧ | ૪.૪૧ |
| બાદ: બિન- દરસૂચિ આવક | ૦.૪૪ | ૦.૦૯ | ૦.૧૦ | ૦.૧૨ | ૦.૧૪ |
| બાદ : અન્ય વેપારમાંથી આવક | - | - | - | - | - |
| **એઆરઆર** | ૧૩૬.૬૪ | ૧૯૯.૯૬ | ૨૭૭.૪૭ | ૩૧૮.૦૩ | ૩૩૭.૨૮ |

## ના. વ. ૨૦૧૭-૧૮ માટેનું વિજ દરનું પરિશિષ્ટ

- એમયુપીઆલ દ્વારા ૧લી એપ્રિલ, ૨૦૧૭થી અમલમાં આવે એ રીતે, વિજ દરમાં સામાન્ય વધારો કરવાની દરખાસ્ત કરાઇ છે. મુંદ્રા એસઇઝેડ વિસ્તાર માટે સુચીત દરનું પરિશિષ્ટ નીચે મુજબનું છે:

**કોષ્ટક ૫ – મુંદ્રા એસઇઝેડનાં એમયુપીએલના પરવાના વિસ્તાર માટેનું વિજ દરનું પરિશિષ્ટ**

| ક્ર. નં | વર્ગ | ફિક્સ્ડ ચાર્જ | એનર્જી ચાર્જ | |
|---|---|---|---|---|
| ૧ | **રહેણાંક** | **ફિક્સ્ડ ચાર્જ**<br>**સિંગલ ફેઝ સપ્લાય**<br>દરેક જોડાણ દીઠ રૂ.૩૦ પ્રતિ માસ<br>**થ્રી ફેઝ સપ્લાય**<br>દરેક જોડાણ દીઠ રૂ.૪૫ પ્રતિ માસ | પ્રથમ ૨૫૦ યુનિટ | ૩૩૫ પૈસા/યુનિટ |
| | | | બાકીના યુનિટ | ૩૮૫ પૈસા/યુનિટ |
| ૨ | **વ્યાપારી બિન માંગ**<br>(કનેક્ટેડ લોડ ૬ kVA સુધી) | **સિંગલ ફેઝ સપ્લાય**<br>દરેક જોડાણ દીઠ રૂ.૧૦૦ પ્રતિ માસ | પ્રથમ ૧૫૦ યુનિટ | ૩૮૫ પૈસા/યુનિટ |
| | | | બાકીના યુનિટ | ૪૧૦ પૈસા/યુનિટ |
| ૩ | **વ્યાપારી માંગ**<br>(કનેક્ટેડ લોડ ૬ kVA અને વધુ) | **બિલિંગ માંગ કોન્ટ્રાક્ટ માંગ સહિત અને સુધી**<br>(ગણતરી કોન્ટ્રાક્ટ માંગના ૮૫% યુ.પી.એફ. અને ૧૦૦% લોડ ફેક્ટર મુજબ અથવા માસિક સરેરાશ પાવર ફેક્ટર મુજબની વાસ્તવિક મહત્તમ માંગ અથવા ૬ KVA જે કોઇપણ સૌથી વધુ હોય તે મુજબ, માસિક ધોરણે)<br>૭૫ પૈસા/યુનિટ<br>**કોન્ટ્રાક્ટ માંગ ઉપરાંતનાં વપરાશ માટે**<br>૧૨૫ પૈસા/યુનિટ | સમગ્ર વપરાશ | ૨૮૫ પૈસા/યુનિટ |
| ૪ | **ઔદ્યોગિક બિન માંગ**<br>(કનેક્ટેડ લોડ ૬ kVA સુધી) | **સિંગલ ફેઝ સપ્લાય**<br>દરેક જોડાણ દીઠ રૂ. ૧૦૦ પ્રતિ માસ | પ્રથમ ૧૫૦ યુનિટ | ૩૬૦ પૈસા/યુનિટ |
| | | | બાકીના યુનિટ | ૩૮૫ પૈસા/યુનિટ |
| ૫ | **ઔદ્યોગિક માંગ**<br>(કનેક્ટેડ લોડ ૬ kVA અને વધુ) | **બિલિંગ માંગ કોન્ટ્રાક્ટ માંગ સહિત અને સુધી**<br>(ગણતરી કોન્ટ્રાક્ટ માંગના ૮૫% યુ.પી.એફ. અને ૧૦૦% લોડ ફેક્ટર મુજબ અથવા માસિક સરેરાશ પાવર ફેક્ટર મુજબની વાસ્તવિક મહત્તમ માંગ અથવા ૬ KVA જે કોઇપણ સૌથી વધુ હોય તે મુજબ, માસિક ધોરણે)<br>૭૫ પૈસા/યુનિટ<br>**કોન્ટ્રાક્ટ માંગ ઉપરાંતનાં વપરાશ માટે**<br>૧૨૫ પૈસા/યુનિટ | સમગ્ર વપરાશ | ૨૮૫ પૈસા/યુનિટ |

| | | | | |
|---|---|---|---|---|
| ૬ | સ્ટ્રીટ લાઇટ્સ | - | સમગ્ર વપરાશ | ૩૩૫ પૈસા/યુનિટ |
| ૭ | હંગામી માંગ | **બિલિંગ માંગ કોન્ટ્રાક્ટ માંગ સહિત અને સુધી**<br>(ગણતરી કોન્ટ્રાક્ટ માંગના ૮૫% યુ.પી.એફ. અને ૧૦૦% લોડ ફેક્ટર મુજબ અથવા માસિક સરેરાશ પાવર ફેક્ટર મુજબની વાસ્તવિક મહત્તમ માંગ જે કોઇપણ સૌથી વધુ હોય તે મુજબ, માસિક ધોરણે)<br>૭૫ પૈસા/યુનિટ<br>**કોન્ટ્રાક્ટ માંગ ઉપરાંતનાં વપરાશ માટે**<br>૧૨૫ પૈસા/યુનિટ | સમગ્ર વપરાશ | ૩૬૦ પૈસા/યુનિટ |
| ૮ | HTMD - I<br>(Ind/Comm/Others) | **એ.) જે ગ્રાહકની બિલીંગ માંગ આ મુજબની હોય**<br>૧) કોન્ટ્રાક્ટ માંગ ૫૦૦ kVA સુધી<br>(ગણતરી કોન્ટ્રાક્ટ માંગના ૮૫% યુ.પી.એફ. અને ૧૦૦% લોડ ફેક્ટર મુજબની અથવા માસિક સરેરાશ પાવર ફેક્ટર મુજબની વાસ્તવિક મહત્તમ માંગ અથવા ૧૦૦ KVA જે કોઇપણ સૌથી વધુ હોય તે મુજબ, માસિક ધોરણે)<br>૭૫ પૈસા/યુનિટ<br>૨) કોન્ટ્રાક્ટ માંગ ૫૦૦ kVA થી વધુ<br>(ગણતરી કોન્ટ્રાક્ટ માંગના ૮૫% યુ.પી.એફ. અને ૧૦૦% લોડ ફેક્ટર મુજબની અથવા માસિક સરેરાશ પાવર ફેક્ટર મુજબની વાસ્તવિક મહત્તમ માંગ જે કોઇપણ સૌથી વધુ હોય તે મુજબ, માસિક ધોરણે)<br>૧૧૦ પૈસા/યુનિટ<br>**બી) કોન્ટ્રાક્ટ માંગ ઉપરાંતનાં વપરાશ માટે**<br>૧) કોન્ટ્રાક્ટ માંગ ૫૦૦ kVA સુધી<br>૧૨૫ પૈસા/યુનિટ<br>૨) કોન્ટ્રાક્ટ માંગ ૫૦૦ kVA થી વધુ<br>૧૫૦ પૈસા/યુનિટ | કોન્ટ્રાક્ટ માંગ<br>૫૦૦ kVA સુધી<br><br>કોન્ટ્રાક્ટ માંગ<br>૫૦૦ kVA થી વધુ | ૩૨૫ પૈસા/યુનિટ<br><br>૩૬૫ પૈસા/યુનિટ |
| ૯ | HTMD – II<br>(Temp) | **બિલિંગ માંગ કોન્ટ્રાક્ટ માંગ સહિત અને સુધી**<br>(ગણતરી કોન્ટ્રાક્ટ માંગના ૮૫% યુ.પી.એફ. અથવા માસિક સરેરાશ પાવર ફેક્ટર મુજબની વાસ્તવિક મહત્તમ માંગ અથવા ૧૦૦ KVA જે કોઇપણ સૌથી વધુ હોય તે મુજબ, માસિક ધોરણે)<br>૧૦૦ પૈસા/યુનિટ<br>**કોન્ટ્રાક્ટ માંગ ઉપરાંતનાં વપરાશ માટે**<br>૧૫૦ પૈસા/યુનિટ | સમગ્ર વપરાશ | ૪૬૦ પૈસા/યુનિટ |

**નોંધ:**

૧ પાવર ફેક્ટર એડજસ્ટમેન્ટ ચાર્જીસ – વ્યાપારી માંગ આધારિત, ઔદ્યોગિક માંગ આધારિત, HTMD - I અને HTMD – II ને લાગું પડે છે.

<u>પાવર ફેક્ટરમાં દરેક ૧% ના સુધારા દીઠ વળતર આપવામાં આવે છે.</u>
પાવર ફેક્ટર ૯૦% થી ૯૫% - ૦.૧૫ પૈસા/યુનિટ
પાવર ફેક્ટર ૯૫% થી વધુ – ૦.૨૭ પૈસા/યુનિટ
<u>પાવર ફેક્ટરમાં દરેક ૧%ના ઘટાડા દીઠ દંડ વસૂલ કરવામાં આવે છે.</u>
પાવર ફેક્ટર ૯૦% થી ઓછો – ૩.00 પૈસા/યુનિટ

૨ એફપીપીપીએ દરો – લાગુ પડતા હોય એ મુજબ

3 HTMD – I અને HTMD – II ની શ્રેણી માટે ઇએચવીમાં સપ્લાય માટે વળતર નીચે પ્રમાણે છે:

| | **એનર્જી ચાર્જીસ** | **ના દરે વળતર** |
|---|---|---|
| ૧ | જો પૂરવઠો ૧૧ kV મુજબ લેવાતો હોય તો | ૦.૦% |
| ૨ | જો પૂરવઠો ૩૩ kV મુજબ લેવાતો હોય તો | ૧.૦% |
| ૩ | જો પૂરવઠો ૬૬ kV અને વધુ મુજબ લેવાતો હોય તો | ૨.૦% |

**નોંધ:** ઉપરોક્ત વળતર માત્ર માસિક આધારિત રહેશે અને એરિયર્સ ધરાવતા ગ્રાહકોનો સમાવેશ તેમાં થશે નહીં. તેમ છતા, બાકી નીકળતા લેણા ધરાવતા ગ્રાહકોને આ વળતર લાગુ પડશે જે આ બાબત પર યથા યોગ્ય સત્તાધિકારી/અદાલત દ્વારા સ્ટે અપાયો હોય.